RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 124, Dt.3-08-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમદાવાદથી થરાદ વચ્ચે બનશે હાઈસ્પીડ કોરિડોર



## રૂા.૫૦૬૫૫ કરોડનો ખર્ચ ધરાવતા આ મહત્વકાંક્ષી પ્રોજેકટને કેન્દ્રીય કેબિનેટની લીલીઝંડીઃ ૯૩૬ કિ.મી. લાંબા ૮ હાઈ-વે કોરિડોર પ્રોજેકટને અપાઈ મંજૂરીઃ ગુજરાતના પ્રોજેકટ પાછળ રૂા.૧૦૫૩૪ કરોડનો ખર્ચ થશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રીય કેબિનેટે શુક્રવારે લોજિસ્ટિક્સ ક્ષમતા અને કનેક્ટિવિટી વધારવા માટે કુલ રૂ૫૦,૬૫૫ કરોડના ખર્ચે આઠ ૯૩૬ કિલોમીટર લાંબા નેશનલ હાઇવે કોરિડોર પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. કેબિનેટની બેઠક બાદ જારી સત્તાવાર નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે.

આ આઠ પ્રોજેક્ટના અમલીકરણથી અંદાજે ૪.૪૨ કરોડ માનવ દિવસની પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી સર્જાશે. જે પ્રોજેક્ટને કેબિનેટની મંજૂરી મળી છે તેમાં છ લેનનો આગ્રા-ગ્વાલિયર નેશનલ હાઈ-સ્પીડ કોરિડોર, ચાર લેનનો ખડગપુર-મોરગ્રામ નેશનલ હાઈ-સ્પીડ કોરિડોર અને છ લેનનો થરાદ-ડીસા-મહેસાણા-અમદાવાદ નેશનલ હાઈ-સ્પીડ કોરિડોરનો સમાવેશ થાય છે.

આ સિવાય ફોર લેન અયોધ્યા રિંગ રોડ, રાયપુર-રાંચી નેશનલ હાઈ-સ્પીડ કોરિડોરના ચાર લેન સેક્શનને પથલગાંવ અને ગુમલા વચ્ચે અને સિક્સ લેન કાનપુર રિંગ રોડને પણ કેબિનેટની મંજૂરી મળી ગઈ છે.૮૮ કિલોમીટર લાંબા આગ્રા-ગ્વાલિયર નેશનલ હાઈ-સ્પીડ કોરિડોરને ૪,૬૧૩ કરોડ રૂપિયાના કુલ ખર્ચે 'બિલ્ડ-ઓપરેટ-ડિલિવર' (ઇઘઝ) મોડલ પર છ લેન કોરિડોર તરીકે વિકસાવવામાં આવશે. ખડગપુર-મોરગ્રામ નેશનલ હાઈ-સ્પીડ કોરિડોર કુલ રૂ૫૦,૨૪૭ કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે. થરાદ-ડીસા-મહેસાણા-અમદાવાદ નેશનલ હાઈ-સ્પીડ કોરિડોર કુલ રૂ૫ ૧૦,૫૩૪ કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે. અયોધ્યા રિંગ રોડ ૩,૯૩૫ કરોડ રૂપિયાના કુલ મૂડી ખર્ચે વિકસાવવામાં આવશે જ્યારે રાયપુર-રાંચી નેશનલ હાઈ-સ્પીડ કોરિડોરનો કુલ ખર્ચ ૪,૪૭૩ કરોડ રૂપિયા હશે. કાનપુર રિંગરોડ ૩,૨૯૮ કરોડ રૂપિયાના કુલ મૂડી ખર્ચે વિકસાવવામાં આવશે.


૧૨૧ કિલોમીટર લાંબો ઉત્તર ગુવાહાટી બાયપાસ અને હાલના ગુવાહાટી બાયપાસના પહોળા/સુધારણાને ઇઘઝમોડલ પર કુલ રૂ૫ ૫,૭૨૯ કરોડના મૂડી ખર્ચે ત્રણ વિભાગોમાં ચલાવવામાં આવશે. પ્રોજેક્ટ અંતર્ગત બ્રહ્મપુત્રા નદી પર એક મોટો પુલ પણ બનાવવામાં આવશે. આ ઉપરાંત, પૂણે નજીક ૩૦ કિમી લાંબો એલિવેટેડ નાસિક ફાટા-ખેડ કોરિડોર કુલ રૂ૫,૮૨૭ કરોડના ખર્ચે (ઇઘઝ) મોડલ પર બાંધવામાં આવશે.''

# બેન્કોમાં બચત અને એફડી ખાતાઓમાં ૪ નોમીની નીમી શકાશે ?

## બેન્કીંગ કાયદામાં છ મહત્વપૂર્ણ સુધારાઓને કેન્દ્રીય કેબિનેટની લીલીઝંડી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બેંકો-નાણાં સંસ્થાઓમાં કરોડો-અબજો રૂપિયાનું કોઇ દાવેદાર નથી જ્યારે આ પ્રકારના કિસ્સા રોકવા માટે કેન્દ્ર સરકારે બચત-ડીપોઝીટ ખાતાઓમાં ચાર નોમીનીની નિયુક્તિ કરવાની છુટ્ટ આપવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય કેબીનેટે બેંકિંગ કાયદામાં અર્ધો ડઝન જેટલા સુધારા કરતી દરખાસ્તને લીલીઝંડી આપી હતી. બેંક ગ્રાહકોની તકલીફ ઘટાડવાનો મુખ્ય આશય હોવાનો દાવો કરવામાં આવ્યો છે.




પ્રવર્તમાન બેંકિંગ નિયમો હેઠળ બચત ખાતા તથા ફિકસ્ડ ડિપોઝીટમાં એક નોમીની રાખવાની જ છુટ્ટ છે તે વધારીને ચાર સુધીની છુટ્ટ આપવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ સિવાય વીમા તથા હિન્દુ અવિભાજ્ય પરિવાર (એચયુએફ) ખાતાઓમાં મૂળ ખાતા ધારકનું અવસાન થવાના સંજોગોમાં સંયુક્ત ખાતા ધારક તથા તેના વારસોને ક્રમબધ્ધ રીતે નાણાં ઉપાડવાની છુટ્ટ અપાશે. આ જ રીતે પબ્લીક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ)માં પણ વધુ નોમીની રાખી શકાશે.સૂત્રોના કહેવા પ્રમાણે કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારામને સુધારેલા વિધાયકને રજુ કરીને પસાર કરાવે ત્યારબાદ વિસ્તૃત જોગવાઇઓ સ્પષ્ટ થશે. હાલ તૂર્ત સરકાર દ્વારા વિગતો વિશે ફોડ પાડવામાં આવતો નથી.

બેંકો-નાણાં સંસ્થાઓમાં દાવા વિનાની અબજો રૂપિયાની રકમ વિશે કેન્દ્રીય નાણાં મંત્રીએ થોડા મહિના પૂર્વે ચિંતા દર્શાવી હતી. બેંકો, મ્યુચ્યુઅલફંડો તથા નાણાં સંસ્થાઓના સંચાલકોને એવી સુચના આપી હતી કે નાણાંના હક્કદારોની શોધખોળ કરીને તેઓને રકમ પરત કરવામાં આવે. માર્ચ-૨૦૨૪ની સ્થિતિએ બેંકો-નાણાં સંસ્થાઓમાં દાવા વગરની રકમનો આંકડો ૭૮૦૦૦ કરોડને આંબી ગયો હતો. બેંકોએ આવી રકમ પરત કરવા માટે અભિયાન ચલાવ્યું હોવા છતાં દાવા વિનાના નાણાંનો આંકડો વધતો જ રહ્યો હતો.

આ સિવાય ડીવીડન્ડ તથા બોન્ડના નાણાંનું કોઇ દાવેદાર ન થાય તો તે ઇન્વેસ્ટર એજ્યુકેશન પ્રોટેક્શન ફંડમાં ટ્રાન્સફર કરવાની દરખાસ્ત થઇ છે. પ્રવર્તમાન નિયમ હેઠળ માત્ર બેંકોના શેરો જ તેમાં ટ્રાન્સફર થાય છે.ઓડિટરોને મહેનતાણું નક્કી કરવા માટે બેંકોને વધુ સ્વતંત્રતા આપવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત બે કરોડ સુધીનું હોલ્ડીંગ ધરાવતા શેર હોલ્ડરોને 'ખાસ' ગણવાની દરખાસ્ત છે. અત્યાર સુધી ૬૦ વર્ષ પૂર્વે નિયત કરાયેલી પાંચ લાખની જોગવાઇ અમલમાં છે.નિયમનકારી કાર્યવાહી માટે બેંકો માટે નિયત સમય-તારીખમાં બદલાવ કરવાનું પણ સુચવાયું છે.

# બજેટમાં સોનાની આયાત ડયુટી ઘટતા ડિમાન્ડમાં થયો મોટો વધારોઃ આયાત ૨૧૪ ટકા વધી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

કેન્દ્ર સરકારના બજેટમાં આયાત જકાતમાં ઘટાડો થવાને પગલે સોનાની ડીમાંડમાં મોટો વધારો થયો છે અને તેના પ્રભાવ હેઠળ આયાતમાં પણ ઉછાળો છે. જુલાઈ મહિનામાં સોનાની આયાતમાં ૨૧૪ ટકાની વૃધ્ધિ હોવાનુ બહાર આવ્યું છે.મહત્વની વાત એ છે કે આયાત જકાતમાં ઘટાડાની જાહેરાત ૨૭ જુલાઈએ થઈ હતી એટલ ત્યારપછીનાં સાત દિવસમાં જ આયાતનાં ધડાધડ ઓર્ડર નીકળ્યા હોવાનું માનવામાં આવે છે.

અમદાવાદ એરકાર્ગો કોમ્પલેકસનાં રીપોર્ટ પ્રમાણે જુલાઈમાં સોનાની આયાત ૧૦.૫૬ ટન થઈ હતી. ગત વર્ષના જુલાઈમાં તે ૩.૩૬ ટન જ હતી. આગામી તહેવારો તથા લગ્નગાળામાં સોનાની માંગ વધુ વધવાની અપેક્ષાએ જવેલર્સોએ સ્ટોક



વધારવાનું શરૂ કરતા આયાતમાં વધારો થયાનું મનાય છે.આ સિવાય આયાત જકાતમાં ઘટાડાને પગલે સોનુ-ચાંદી-પ્લેટીનમ સસ્તા બનતા અત્યારે ઓફ સીઝનમાં પણ સારી ડીમાંડ નિકળતા જવેલર્સો-વેપારીઓ પાસેનો સ્ટોક ઘટતા તેઓએ વધુ આયાત ઓર્ડર આપ્યા હતા.ઈન્ડીયા બુલીયન એન્ડ જવેલર્સ એસોસીએશનનાં ડાયરેકટર હરેશ આચાર્યએ કહ્યું કે એક ટકાના ડયુટી ડીસ્કાઉન્ટના લાભ માટે ઘણી આયાત ઈન્ડીયા ઈન્ટરનેશનલ બુલીયન એકસચેંજ મારફત પણ થઈ હતી.

જવેલરી ઉદ્યોગનાં સુત્રોએ કહ્યું કે મોટાભાગનાં આયાત ઓર્ડર જુલાઈના અંતિમ સપ્તાહના જ હતા.૨૩ જુલાઈએ બજેટમાં આયાત જકાતમાં ઘટાડાની જાહેરાત થયા બાદ સોનુ સસ્તુ થતા ધડાધડ જાહેરાત થયા બાદ આ સમય સામાન્ય રીતે ઓફ સીઝનનો હોય છે છતા એક જ ઝાટકે ભાવ ૪-૫ હજાર રૂપિયા નીકળી જતા લોકલ ડીમાંડ ઘણી વધી ગઈ હતી. ઉપરાંત આગામી તહેવારોની સીઝનમાં પણ ડીમાંડ વધવાનું માનવામાં આવી રહ્યું છે. ચોમાસુ પ્રમાણમાં સારૂ છે. કૃષિ ઉત્પાદનમાં સારો વધારો થવાનું અનુમાન છે. એટલે ગ્રામ્ય ડીમાંડ વધી શકે છે.

# ઉત્તરખંડમાં ચારધામ રૂટ પર પાંચ હજારથી વધુ લોકોના એરલીફટ કરાયા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ચિન્તેષ વ્યાસ ઉત્તરાખંડમાં કેદારનાથ સહિતના ચારધામના રૂટ પર ભારે વરસાદ અને વાદળો ફાટતાં ભારે તારાજી સર્જાઈ છે. યાત્રાધામોના રૂટ પર ફસાયેલા સેંકડો યાત્રાળુઓને બચાવવા માટે યુદ્ધના ધોરણે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. શુક્રવારે એરફોર્સ દ્વારા ચિનુક અને એમઆઇ ૧૭ હેલિકોપ્ટરોની મદદથી ૫ હજાર યાત્રાળુઓને ઉગારવામાં આવ્યા હતા. જેમાં ગુજરાતના સંખ્યાબંધ યાત્રાળુઓનો સમાવેશ થાય છે. ૩૧ જુલાઇની રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ કેદારનાથથી માત્ર બે કિલોમીટરના અંતરે ભારે વરસાદના કારણે મંદાકિની નદીમાં પૂર આવ્યું હતું. ગૌરીકુંડથી કેદારનાથ સુધીનો લગભગ ૧૬ કિલોમીટરનો ટ્રેક ધોવાઇ ગયો હતો. કુદરતી આફતથી અજાણ ઉત્તર ગુજરાતના ૧૭ યાત્રાળુ બીજા દિવસે સવારે દર્શન કરી પરત નીકળ્યા હતા. શરૂઆતના બે કિલોમીટર ચાલ્યા ત્યારે બધુ બરાબર હતું. ત્યાર બાદ જેમ જેમ આગળ વધતાં ગયા તેમ તેમ સ્થિતિ વિકટ બનતી ગઇ. સાડા ૭ કલાક સુધી ચાલ્યા ત્યારે માંડ ૧૦ કિલોમીટરનું અંતર કાપી શકયા ત્યાં એનડીઆરએફની ટીમે સ્થિતિનો તાગ આપી તેમને કેમ્પમાં ખસેડ્યા હતા. બીજા દિવસ સવારે હેલીકોપ્ટરથી રેસ્ક્યુ કરી તમામ ૧૭ શ્રદ્ધાળુઓને સલામત સ્થળે ખસેડ્યા હતા. બીજી બાજુ, અરવલ્લી જિલ્લાનું ૫૫ સભ્યોના ગ્રુપને હોનારાતના કારણે સીતાપુરમાં બે રાત વીતાવવી પડી હતી. આ જૂથના ૫ સભ્યોએ કુદરતના પ્રકોપને નજરોનજર નિહાળ્યું હતું. જોકે, હવે તમામ શ્રદ્ધાળુઓ હેમખેમ નીકળ્યા



બાદ પોતાની આગળની યાત્રા શરૂ કરી છે.

અમે ૩૧ જુલાઇએ બપોરે ત્રણેક વાગે અમે કેદારનાથ પહોંચી ગયા હતા. દર્શન કરી રાત્રી રોકાણ હોટલમાં કર્યું. રાતે ૧૦ વાગ્યા પછી કેદારનાથ મંદિરથી ૨ કિલોમીટર નીચે આભ ફાટ્યું હતું. જેને લઇ ગૌરીકુંડ સુધીના તમામ રસ્તા ધોવાઇ ગયા હતા. આ વાતથી અમે અજાણ હતા એટલે અમારું ૧૭ જણાનું ગ્રૂપ ૧ ઓગસ્ટે સવારે ૯.૩૦ વાગે પરત ફર્યું હતું. દસેક કિલોમીટર ચાલ્યા, મૂળ રસ્તો ધોવાઇ ગયો હોવાથી અમે ક્યારેક નદીના ઉબડખાબડ રસ્તામાં તો ક્યારેક પહાડોની ઝાડીઓના રસ્તે ધીમે ધીમે આગળ વધ્યા. થોડે દૂર બાદ રસ્તો મળી જશે તેવું માની સૌની સાથે અમે પણ આગળ વધતા રહ્યા હતા. શનિવાર સવારે નજીકના હેલીપેડથી અમને હેલીકોપ્ટરથી શેરશી પહોંચાડ્યા હતા. અહીંથી અમે હરિદ્વાર જવા નીકળ્યા છીએ.

# રિટર્નમાં કમાણી છુપાવવા પર હવે કુલ આવકના ૬૦ ટકા ટેક્સ ચૂકવવો પડશે, વ્યાજ-પેનલ્ટીમાંથી મુક્તિ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હવે તમારા પર ઇન્કમ ટેક્સના દરોડા પડ્યા હશે તો અને તમે જાહેર ન કરેલી આવક ઇમાનદારીથી જાહેર કરી દેશો તો માત્ર મહત્તમ ૬૦ ટકાના દરે ટેક્સ લગાવવામાં આવશે. હવે દરોડો પડે તો બ્લોક એસેસમેન્ટમાં ૬૦ ટકાના દરે છ વર્ષના હિસાબો પર થતો વેરો વસૂલવામાં આવશે. તેના પર કલમ ૨૩૪(એ), ૨૩૪(બી) અને કલમ ૨૩૪(સી) હેઠળ લગાવવામાં આવતું વ્યાજ વસૂલવામાં આવશે નહિ. કલમ ૨૭૦ હેઠળ લાગુ કરવામાં આવતી પેનલ્ટી પણ લગાવવામાં આવશે નહિ. માત્ર છ વર્ષના હિસાબો પર એટલે કે બિનહિસાબી આવકો કે છુપાવેલી આવક પર ૬૦ ટકાના દરે ટેક્સ ચૂકવવાનો રહેશે. કેન્દ્રિય મંત્રી નિર્મલા સીતારમણે ૨૦૨૪-૨૫ના રજૂ કરેલા બજેટના માધ્યમથી આ જોગવાઈ રજૂ કરી છે.



છ વર્ષની કુલ આવકના ૬૦ ટકા પેટે વેરાની નક્કી થયેલી રકમ પર વ્યાજ અને પેનલ્ટીની સંપૂર્ણ માફી આપવામાં આવશે. જે કરદાતા પર દરોડો પડ્યો હોય તેને છ વર્ષના રિટર્ન ફરીથી ભરવા નિર્દેશ કરવામાં આવશે. આ રિટર્નમાં કરદાતાએ તમામ બિનહિસાબી આવકો જાહેર કરી દેવાની રહેશે. કરદાતા સંપૂર્ણ બિનહિસાબી આવક જાહેર કરી દેશે તો ૬૦ ટકાના દરે આવકવેરો વસૂલીને કેસ રદ કરવામાં આવશે. અલબત્ત કરદાતાએ છ વર્ષની કુલ આવક પર ૬૦ ટકાના દરે આવકવેરો ભરવો પડશે.


પરંતુ જો રિટર્નમાં સંપૂર્ણ બિનહિસાબી આવક ન દર્શાવે તો ૬૦ ટકાના ટેક્સ ઉપરાંત ૩૦ ટકા પેનલ્ટી પણ ચૂકવવી પડશે. આમ કુલ આવકના ૯૦ ટકા ટેક્સ ચૂકવવો પડશે. દરોડા પછી કરદાતાને નવા રિટર્ન ભરવા જણાવવામાં આવશે. ધારો કે, નવા રિટર્નમાં કરદાતા છ વર્ષની આવકમાં રૂ. ૧૦ કરોડનો વધારો બતાવશે તો તેના પર ૬૦ ટકાના દરે આવકવેરો ચૂકવવો પડશે. તેના પર વ્યાજ કે દંડ લાગુ થશે નહિ. પરંતુ કરદાતાએ રજૂ કરેલા નવા છ વર્ષના રિટર્નની આકારણી અધિકારી નવા રિટર્નની ચકાસણી કરે અને તેને લાગે કે કરદાતાએ રૂ.૧૫ કરોડની આવક પર ટેક્સ ભરવાનો થાય છે તો કરદાતાએ જાહેર ન કરેલી આવક રૂ. ૧૫ કરોડ હોવાનું જણાશે તો તફાવતની ૫ કરોડની આવક પર તેના પર ૬૦ ટકા ટેક્સ ઉપરાંત પેનલ્ટી પણ વધુ ચૂકવવી પડશે. તેના પર ૫૦ ટકા પેનલ્ટી પણ ચૂકવવી પડશે.


જો કે, આ નવી આકારણી સામે અપીલમાં જવાનો માર્ગ ખુલ્લો રાખવામાં આવ્યો છે. નવી આકારણી કરવામાં આવે તેવા કેસમાં જૂની આકારણીને સાવ જ પડતી મૂકી દેવામાં આવશે. નવી આકારણીને જ ફાઇનલ ગણીને તેના પર ટેક્સ લેવામાં આવશે. અત્યાર સુધીની વ્યવસ્થા હેઠળ છ વર્ષના રિએસેસમેન્ટ ચાલતા હોય તો તેવા સંજોગોમાં બાર મહિનાનો ટાઇમ થવા આવતા હોય તે વર્ષ માટે નોટિસ ઇશ્યૂ કરી દેવામાં આવતી હતી. હવે તમામ છ વર્ષની સાથે જ આકારણી કરવામાં આવશે.

એક એક વર્ષના રિટર્નના સંદર્ભમાં નોટિસ આપી દેવાની સિસ્ટમ કાઢી નાખવામાં આવી છે. આકારણી અધિકારી છ વર્ષના રિટર્નની એટલે કે કુલ આવકના રિટર્નની ચકાસણી કરશે. દરોડા હેઠળના કરદાતાના ઘરેથી અન્ય કોઈના નાણા, દાગીના, સોનું કે અન્ય અસ્ક્યામત મળી આવે તો તેને માટે કલમ ૧૫૮ (બીડી) લાગુ કરવાનો નિર્ણય લઈ લેવામાં આવ્યો હોવાનું ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના ઉપક્રમે બજેટમાં ડાયરેક્ટ ટેક્સની જોગવાઈ અંગે વક્તવ્ય આપતા ઇન્કમ ટેક્સ એક્ટ ઘડનારી કમિટીના સભ્ય ગિરીશ આહૂજાએ જણાવ્યું હતું. તેમનું કહેવું છે કે આ માટે જ દરોડા પૂરા થયાની તારીખથી બાર મહિનાનો જ સમયગાળો નક્કી કરી દેવામાં આવ્યો છે.

# બાલાજી હોલ પાસે બંધ આયસર પાછળ બાઈક અથડાતા ચાલકનું મોત

## વહેલી સવારે બનેલો બનાવઃ બાઈક પાછળ બેઠેલા યુવાનને ગંભીર ઈજાઃ આશાસ્પદ યુવાનના અકાળે અવસાનથી સાયલાના ધજાળા ગામના પરિવારમાં કરૂણ કલ્પાંત



(તસ્વીરઃ આનંદ જાવિયા)








**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી ૧૫૦ ફુટ રીંગ રોડ પર વહેલી પરોઢે બંધ ઉભેલા આઇસર ટ્રક પાછળ ટુવ્હીલર અથડાતાં એક યુવાનનું મોત થયું હતું અને તેના મિત્રનો ઇજા સાથે બચાવ થયો હતો. મૃત્યુ પામનાર યુવાન મુળ સાયલાના ધજાળાનો વતની હતો અને હાલ મવડી ચોકડીએ રહી ખાનગી નોકરી કરતો હતો.

જાણવા મળ્યા મુજબ સવારે ચારેક વાગ્યે બાલાજી હોલ નજીક મહાપૂજા ધામ ચોકમાં બંધ ઉભેલા આઇસર ટ્રક જીજે૧૩એડબલ્યુ-૮૫૬૭ પાછળ એક્સેસ નં. જીજે૦૩એનક્યુ-૪૪૪૪ ધડાકાભેર અથડાતાં ટુવ્હીલરમાં બેઠેલા બે યુવાન રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ થતાં બંનેને ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલાં ખસેડાયા હતાં. અહિ એક યુવાનને તબિબે મૃત જાહેર કર્યો હતો.

બચી ગયેલા યુવાને હોસ્પિટલ ચોકીના સ્ટાફની પુછતાછમાં પોતાનું નામ આદિત્ય દિપકભાઇ (દિપુભાઇ) ગરચર (ઉ.વ.૧૯-રહે. બાપા સિતારામ ચોક મવડી) જણાવ્યું હતું. જો કે તે વધુ બોલી શકતો ન હોઇ પોતાની સાથેના મૃતક યુવાનની વિગતો જણાવી શક્યો નહોતો. બીજી તરફ આ ઘાયલ યુવાનને તેના સગા સિવિલ હોસ્પિટલમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયા હતાં.

મૃતકનો મોબાઇલ પેટર્ન લોક હોઇ તેની ઓળખ મેળવવા માલવીયાનગરના અરૂણભાઇ ચાવડા, મદદનીશ નિતીનભાઇ અને કરમણભાઇએ મૃતક પાસેથી મળેલા આધાર કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ પરથી તપાસ શરૂ કરી હતી. તેમાં ચિરાગ રવૈયા ગામ ધજાળાનું એડ્રેસ હોઇ પોલીસે ત્રણેક કલાક મથામણ કરી હતી અને સાયલા પોલીસનો સંપર્ક કરી ધજાળા ગામે તપાસ કરવા જણાવતાં ઓળખ થઇ હતી. મૃતકનું નામ ચિરાગ ધર્મેન્દ્રભાઇ રવૈયા (ઉ.વ.૨૬) હોવાનું અને એક બહેનથી નાનો તથા માતા-પિતાનો એક જ પુત્ર હોવાનું ખુલ્યું હતું. તેના પિતા ધજાળામાં કરિયાણાની દૂકાન ચલાવવા સાથે ખેતી કરે છે. ચિરાગ રાજકોટ મવડી ચોકડી બાપા સિતારામ ચોકમાં પાંચેક વર્ષથી ભાડેથી રહી નોકરી કરતો હતો.

# જામનગરના મહાદેવનગરમાં ગંજીપાનાથી જુગાર રમતા છ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના મહાદેવનગરમાં ગંજીપાનાથી જુગાર રમતા છ પરપ્રાંતિય શખ્સને પોલીસે પકડી પાડ્યા હતા. જ્યારે નાનકપુરી પાસેથી ચાર શખ્સ ચલણી નોટના નંબર પર એકીબેકી બોલી જુગાર રમતા ઝડપાઈ ગયા છે. બંને સ્થળેથી કુલ રૂપિયા અડધા લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.જામનગરના મહાદેવનગર નજીક સાતનાલા પાસે કેટલાક શખ્સો એકઠા થઈ જુગાર રમતા હોવાની બાતમી સિટી સી ડિવિઝનના યશપાલસિંહ, વનરાજ ખવડ, મહાવીરસિંહને મળતા પીઆઈ જે.વી. ચૌધરીને વાકેફ કરાયા પછી સ્ટાફે દરોડો પાડ્યો હતો.આ સ્થળે ગંજીપાના વડે જુગાર રમી રહેલા વીરસિંગ મહાવીરસિંગ રાજપૂત, વિવેક જયપ્રકાશ



કુશવાહ, વીરસિંગ હરિરામ કુશવાહ, દિલીપ ભાર્ગવદાસ કુશવાહ, રાહુલ શેરસિંગ કુશવાહ, સંદીપ નરેશ કુશવાહ નામના છ શખ્સ મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂ. ૧૦૪૭૦ રોકડા તથા જીજે-૧૦-ડીએમ ૪૫૮૩ નંબરનું બાઈક મળી કુલ રૂ. ૪૫,૪૭૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.જામનગરના રણજીત સાગર રોડ પર નાનકપુરી નજીક જાહેર શૌચાલય પાસે ગઈકાલે સાંજે ચલણી નોટના નંબર પર એકીબેકી બોલી જુગાર રમતા દિલીપ પોપટભાઈ કારાવદરા, હિતેશ ભનાભાઈ કારાવદરા, શંકર ઉર્ફે માવલો હરિભાઈ ગોહિલ, મુકેશ વાલજીભાઈ પરમાર નામના ચાર શખ્સ રૂ. ૬૨૬૦ સાથે પોલીસના દરોડામાં ઝડપાઈ ગયા હતા.

# મોરબીના રફાળેશ્વર ગામે રહેણાંકમાં પત્તા ટીચતા છ ઈસમો ઝડપાયા, મકાન માલીક ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબી એલસીબી પોલીસને બાતમી મળી કે રફાળેશ્વર ગામે સોનલનગર સોસાયટીમાં રહેતા ભરતભાઇ નારાયણભાઈ ગઢવી પોતાના આર્થિક ફાયદા માટે નાલ ઉઘરાવી પોતાના હવાલાવાળા રહેણાંક મકાનમાં જુગાર રમી રમાડતો હોય જેથી એલસીબી પોલીસ ટીમે રહેણાંક મકાને દરોડો પાડતા ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો જુગાર રમી રહેલા ભારૂભા લાલુભા ગઢવી રહે.રફાળેશ્વર, કનુભાઇ ભિખુભાઇ ગઢવી



રહે.રફાળેશ્વર, લખમણભાઇ મનુભાઇ ગઢવી રહે.લીલાપર રોડ મોરબી, સંજયભાઇ પ્રવીણભાઇ ગઢવી રહે.રફાળેશ્વર, રમેશભાઇ માધાભાઇ ભરવાડ રહે.રફાળેશ્વર તથા જીતુભાઇ રામજીભાઇ ગોહેલ રહે.રફાળેશ્વર આંબેડકરનગરને ઝડપી લેવામાં આવ્યા હતા, પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૬૨,૨૦૦/- કબ્જે કર્યા હતા. દરોડા દરમિયાન મકાન માલીક આરોપી ભરતભાઇ નારાયણભાઇ ગઢવી રહે.રફાળેશ્વર સ્થળ ઉપર હાજર નહી મળી આવતા તેને ફરાર દર્શાવી તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ફરાર આરોપીને પકડી લેવા શોધખોળ શરૂ કરી હતી.

# રાજુલા શહેરના વિવિધ પ્રશ્નો બાબતે ધારાસભ્યને રજૂઆત કરવામા આવી







**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલાના ધારાસભ્યના હીરાભાઈ સોલંકી અને જીજ્ઞેશભાઈ પટેલને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સહિત વેપારી અગ્રણીઓને સાથે રાખી શહેરના વિવિધ પ્રશ્નોને લઈને રજૂઆત કરવામા આવી હતી અને સાથો સાથ ધારાસભ્ય હીરાભાઈ દ્વારા કુંભનાથ સુખનાથ મહાદેવના સાનિધ્યમાં આવેલ બાયપાસ અને ડેમસાઈડમા આગેવાનો સાથે રૂબરૂ મુલાકાત લઈ શહેરીજનોને ફરવાલાયક સ્થળ મળી રહે તે દિશામાં અધિકારીઓ અને વેપારીઓ આગેવાનો સાથે પરામર્શ કર્યો હતો અને શહેરના હિતમા તમામ બાબતે ધારસભ્ય દ્વારા તાત્કાલિક પગલા લેવા અધિકારીને જાણ કરી હતી

# મોરબમાં પ્રોહીબીશનના કેસમાં ફરાર આરોપીને રવિરાજ ચોકડીએથી દબોચી લેતી પોલીસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ આરોપીને પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે રવિરાજ ચોકડી ખાતેથી ઝડપી લેવામાં આવ્યો છે, હાલ આરોપીને હસ્તગત કરી આગળની ધોરણસરની કાર્યવાહી અર્થે મોરબી તાલુકા પોલીસ મથકમાં સોંપી આપવામાં આવેલ છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ



ટીમને બાતમી મળી કે તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશનના કેસનો ફરાર આરોપી શબીર કાસમભાઈ જામ ધ્રાંગધ્રાવાળો હાલ રવિરાજ ચોકડી ખાતે આવેલ હોય જેથી તુરંત પેરોલ ફરલી સ્ક્વોડ ટીમ બાતમીની જગ્યાએ તપાસ માટે જતા સ્થળ ઉપરથી આરોપી શબીરભાઈ કાસમભાઈ જામ ઉવ.૩૯ રહે. ધ્રાંગધ્રા બિંદી ગેસની બાજુમાં જી.સુરેન્દ્રનગરવાળો મળી આવતા તેને હસ્તગત કરી મોરબી તાલુકા પોલીસ મથકે ઘટિત કાર્યવાહી કરવા સોંપી આપેલ છે.

# જામનગરમાં મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ નારી વંદના ઉત્સવ ની ઉજવણી કરાઈ રહી છે. જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા જામનગર શહેરમાં વી.એમ.મહેતા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગજજ/ગઈઈ ઈઅઉઊઝ ની વિદ્યાર્થીઓ દ્વારા મહિલા સુરક્ષા રેલી, મહિલા સુરક્ષાની થીમ પર નાટક રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ ઉપસ્થિત સર્વેને સેલ્ફ ડીફેન્સ, સાયબર ક્રાઈમ અવેરનેસ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ડી.વાય.એસ.પી. નયનાબેન ગોરડિયા, દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી સોનલબેન વર્ણાગર, પી.એસ.આઈ. આર.સી.દેસાઈ, સંસ્થાના આચાર્ય જી.બી.સિંઘ, અન્ય અધિકારીઓ અને ૧૩૦ જેટલી વિધાર્થિનીઓ હાજર રહી હતી. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## મોરબીના ધરમપુર ગામે જુગાર રમતી ચાર મહિલા ઝબ્બે

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના ધરમપુર ગામે તાલુકા પોલીસ ટીમે દરોડો પાડતા મેલડી મથજીના મઢની પાસે તીનપત્તીનો જુગાર રમી રહેલ સરોજબેન ચંદુભાઇ રેવાભાઇ ઉવ-૪૭ રહે. ધરમપુર, સોમીબેન સુખાભાઇ માનસિંગભાઇ ઉપસરીયા ઉવ-૫૫ રહે.ધરમપુર, દયાબેન ધીરૂભાઇ મગનભાઇ ઉપસરીયા ઉવ-૫૦ રહે.ધરમપુર, દયાબેન કરશનભાઇ ગાંડુભાઇ ઉવ-૫૬ રહે-જાંબુડીયાને રોકડા રૂ.૧,૧૫૦/-સાથે ઝડપી લઇ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર જિલ્લા પોલીસની સાઈબર ક્રાઈમ અંગે નોંધપાત્ર કામગીરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે સાયબર ક્રાઇમની કામગીરી સંદર્ભે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં જામનગર જીલ્લાની સાયબર ક્રાઈમ અંગે કામગીરી જેવી કે, લોકોના સાયબર ક્રાઈમમાં બ્લોક કરાવેલ નાણા, સાયબર અવેરનેસ, નાણા પરત (રીફંડ) જેવી પ્રજાલક્ષી કરવામા આવતી કામગીરી બાબતે પ્રજાજનોમાં સાયબર ક્રાઈમ બાબતે જાગ્રુતતા આવે તે અંગે વિગતો આપવામાં આવી હતી.જામનગર સાઈબર પોલીસ સ્ટેશનને જાન્યુઆરી થી જૂન ૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન રૂ. ૧૧ કરોડ ૯ લાખ ૩૧૪૬૦ જામનગર જિલ્લાની જનતાએ ગુમાવી હોવાની ફરિયાદ મળી હતી. જે તમામ ફરિયાદના અનુસંધાને સાઈબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી જેના ભાગરૂપે ૪



કરોડ ૬૯૦૦૦થી વધુની રકમ ફ્રીઝ કરાવી દેવામાં આવી છે. જેમાં સ્થાનિક અરજીઓ તથા એફ.આઈ.આર પરથી ૪ લાખ ૨૩હજારની રોકડ રકમ પરત પણ અપાવી દીધી છે. તથા નેશનલ સાઇબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ અરજીઓ પરથી ૧ કરોડ ૯૩ લાખ ૫૪ હજારની રકમ પરત અપાવવાની કામગીરી ચાલુ છે. ૩૧/૦૭/૨૪ ના રોજ ૦૨ ગુના દાખલ થયેલ છે જેમા કુલ રૂ.૭૫,૩૬,૦૦૦રૂપીયાનુ ફ્રોડ થયેલ હોય જેમાથી રૂ.૩૧,૦૦,૦૦૦હોલ્ડ થયેલ છે જે પરત અપાવવાની કામગીરી હાલ પો.સ્ટે ખાતેથી કરવામા આવેલ છે. તેમ જિલ્લા પોલીસ વડા દ્વારા વિગતો આપવામાં આવી હતી. તેમજ સાયબર સેલની સમગ્ર ટીમને જિલ્લા પોલીસવડાએ અભિનંદન પાઠવ્યા હતા.જામનગર જિલ્લાના નાગરિકોને ઓનલાઈન ફ્રોડથી બચવા માટે અને જનજાગૃતિ માટે ચાલુ વર્ષે ૧૯ જેટલા સેમીનાર યોજવામાં આવ્યા હતા. સાથો સાથ આ બાબતે લોકોને સાયબર ફ્રોડ અંગેની વિશેષ જાણકારી અને માહિતી મળે તે પ્રમાણેની તાલીમ પણ આપવામાં આવી રહી છે.જો આપની સાથે પણ સાઈબર ક્રાઇમ થાય તો તાત્કાલિક હેલ્પલાઇન નંબર ૧૯૩૦ નંબર ઉપર ફોન કરવો તેમ જ નેશનલ ટાઈમ રિપોર્ટીંગ પોર્ટલ ઉપર .ભુબયભિશિળય.લક્ષ્રદ્.શક્ષ ઉપર પણ જાણ કરી શકાય છે આ હેલ્પલાઇન ૨૪ ક્ક ૭ દરમ્યાન કાર્યરત રહે છે. આ હેલ્પલાઇન મારફતે કોઇપણ નાગરીક કોઇપણ સમય અને સ્થળ ઉપરથી ઓનલાઇન ફરીયાદ આપી શકે છે. આ ઓનલાઇન ફરીયાદ આધારે સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ, જામનગર જિલ્લા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન તેમજ જિલ્લાના સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે. સાયબર ફ્રોડના કિસ્સામાં સર્વે નાગરિકોને તુરંત જ ૧૯૩૦ નંબર પર સંપર્ક કરવા જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# મોરબીમાં લોકોના પ્રશ્નો સાંભળી તાત્કાલિક સમસ્યાનો હલ કરવા અધિકારીઓને સુચન કરતાં કાંતિભાઈ અમૃતિયા

**મુખ્ય સમાચાર, મોરબી**

છેલ્લા ઘણા સમયથી મોરબીમાં વિવિધ પ્રશ્નોને લઈને લોકોના ટોળા મોરબી નગરપાલિકા ખાતે પહોંચી રહ્યા હતા અને રોજબરોજ અસંખ્ય લોકો ટોળા સાથે અહીં પોતાની રોડ રસ્તા ગટર તેમજ પાણી જેવી સુવિધાઓની સમસ્યાઓને લઈને સ્પષ્ટતા હતા જેથી મોરબી નગરપાલિકામાં અઠવાડિયાના જુદા જુદા દિવસોમાં કલેક્ટર ચીફ ઓફિસર રીજનલ કમિશનર તેમજ ધારાસભ્ય સહિતના નેતાઓ હાજર રહેશે તેઓ નિર્ણય કરવામાં આવ્યો હતો.

જે અનુસંધાને આજે મોરબી નગરપાલિકા ખાતે ધારાસભ્ય કાંતિ અમૃતિયા તેમજ ચીફ ઓફિસર ધાર્મિક



ડોબરીયા સહિત મોરબી નગરપાલિકાના પદાધિકારીઓને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને લોકોના પ્રશ્નો સાંભળ્યા હતા. લોકોની રજૂઆતો ને વિગતવાર સાંભળીને ધારાસભ્ય કાંતિ અમૃતિયા દ્વારા નગરપાલિકાના કર્મચારીઓને તેમજ જો અન્ય વિભાગના પ્રશ્નો હોય તો તેઓને પણ સમસ્યાઓનો હલ કરવા માટે તાત્કાલિક સૂચનાઓ આપી હતી. સાથે જ મોરબીને જે જે જરૂરિયાતો છે તે પૂર્ણ કરવા માટે આયોજન કરવા માટે નગરપાલિકાના અધિકારીઓને જણાવ્યું હતું સાથે જ રોડ પર પડેલા ખાડાઓ પુરવા માટે પણ સૂચના આપી હતી અને ગંદકી તેમજ ડોર ટુ ડર વેસ્ટ કલેક્શનની કામગીરી અંગે પણ માહિતી મેળવી હતી. લોકો ઘણા સમયથી નગરપાલિકા ખાતે ધક્કા ખાઈ રહ્યા હોય જેથી આજે તેઓને સંતોષકારક જવાબની સાથે સમસ્યાનું સમાધાન પણ મળતા ધારાસભ્ય કાંતિ અમૃતિયા નો આભાર વ્યક્ત કરી રહ્યા હતા.

# મોરબીની ૪૦ જેટલી સોસાયટીની સમસ્યાઓનું હલ કરતા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની ૪૦ જેટલી સોસાયટી તેમજ આજુબાજુના બાર જેટલા ગામોમાં છેલ્લા ત્રણેક મહિનાથી અપૂરતું પાણી મળતું હોવાની ફરિયાદ ઊઠવા પામી હતી જેને લઇ ને થોડા દિવસ પહેલા જ ધારાસભ્ય કાંતિ અમૃતિયા ને આમણે રજૂઆત મળી હતી ધારાસભ્ય દ્વારા તાત્કાલિક આ મામલે કામગીરી કરવામાં આવી હતી અને પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે પ્રયત્નો શરૂ કરી દેવામાં આવ્યા છે.

મોરબીની ૪૦ જેટલી સોસાયટી જેમાં આશરે ૨૫,૦૦૦ ની વસ્તી સાથે જ મોરબીની આજુબાજુના બાર જેટલા ગામડાઓમાં ૧૨૦૦૦ ની વસ્તી આમ



મળીને કુલ આશરે ૩૭,૦૦૦ જેટલા લોકો છેલ્લા ઘણા સમયથી અપૂરતું પાણી મળવાની સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. જે મામલે ધારાસભ્ય કાંતિ અમૃતિયાને થોડા દિવસ પહેલા રજૂઆત કરવામાં આવી હતી જે રજૂઆતને ધ્યાને લઈને શું કારણથી આ સમસ્યા સર્જાય છે તેના મૂળ સુધી ધારાસભ્ય પહોંચ્યા હતા અને જ્યાંથી પાણી ઓછું મળવાનું જે મૂળ હતું તે વાલ પર રીપેરીંગ હાથ ધરવામાં આવ્યું હતું અને તાબડતો કામગીરી કરવામાં આવી હતી આગામી ત્રણેક દિવસમાં આ કામગીરી પૂર્ણ થઇ જશે અને ૩૭,૦૦૦ જેટલા લોકો છે તેને પૂરતું પાણી મળી રહેશે તેવી ધારાસભ્ય કાંતિ અમૃત્ય એ ખાતરી આપી હતી. આ તકે તમામ લોકોએ ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો હતો.

# વિશ્વ સ્તનપાન સપ્તાહ અંતર્ગત લાલપુર તાલુકાના મોટી વેરાવળ ગામે માહિતીસભર લઘુશિબિર યોજાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પીપરટોડા હેઠળ આવતા મોટી વેરાવળ આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી અંતર્ગત માહિતીસભર લઘુશિબિર યોજાઇ હતી. વિશ્વભરમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવા અને બાળકોના સ્વાસ્થ્યને સુધારવાના હેતુથી ૧ થી ૭ ઓગસ્ટ દરમિયાન વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.આ લઘુશિબિરમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે, નવજાત શિશુ માટે માતાનું દૂધ અમૃત સમાન છે. (ઠંઇંઘ) અનુસાર નવજાત શિશુને જન્મ પછી છ મહિના સુધી માત્ર માતાનું દૂધ જ પીવડાવવું



જોઈએ. બાળકને માતાનું સારું દૂધ મળે તો તેને જીવનભર ઘણી બીમારીઓ થતી નથી. સ્તન દૂધમાં એન્ટિબોડીઝ હોય છે જે વાયરસ અને બેક્ટેરિયા સામે લડવામાં મદદ કરે છે. માતાનું દૂધ નવજાત શિશુની અંદર શક્તિ ભરવાનું કામ કરે છે. તેમની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે.એટલું જ નહીં, માત્ર બાળકો માટે જ નહીં પરંતુ માતા માટે પણ બાળકોને સ્તનપાન કરાવવું જરૂરી છે. સ્ત્રીઓમાં, તે સ્તન કેન્સર, અંડાશયના કેન્સર, ડાયાબિટીસ અને હૃદય સંબંધિત રોગોનું જોખમ ઘટાડે છે. વિશ્વ સ્તનપાન દિવસ મહિલાઓમાં જાગૃતિ ફેલાવવા માટે ઉજવવામાં આવે છે. તેમજ લોહતત્વ ગોળી, કૃમિનાશક ગોળી, વિટામીન એ, કુટુંબ નિયોજન પદ્ધતિ વિષે માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર માહિતી મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ.એચ.ભાયા અને આર.સી.એચ. ડો.નુપુર પ્રસાદના માર્ગદર્શન હેઠળ ડી.એસ.બી.સી.સી ચિરાગભાઈ પરમાર અને લાલપુર તાલુકા હેલ્થ ઓફિસર ડો.પી.ડી.પરમારના સહયોગથી આરોગ્ય ટીમના સંજયભાઈ નંદા, ભાવીશાબેન ચાવડા તેમજ ભાનુબેન વાઘેલા દ્વારા આપવામાં આવી હતી તેમજ પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું.

# જામનગરના છૂટક મજૂરી કરતા હરીશભાઈ પારઘી મકાન માલિક બન્યા જ્યારે મળ્યો ડો. આંબેડકર આવાસ યોજનાનો સહારો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોતાનું ઘરનું ઘર નહી હોવાની પીડા આર્થિક રીતે નબળા અને ઘર વિહોણા લોકોથી વધારે કોઈ જાણી શકે નહી. પરંતુ છેવાડાના માનવીના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ ગુજરાત સરકાર આર્થિક રીતે પછાત અને સમાજના નબળા વર્ગના લોકો વિકાસની મુખ્યધારામાં સામેલ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અનુસૂચિત જાતિના વર્ગોને અનેક યોજનાઓનો લાભ મળતા લાભાર્થીઓનું જીવન ધોરણ ગુણવત્તાયુક્ત બની રહ્યું છે. આવી જ એક યોજના એટલે ડો. આંબેડકર આવાસ યોજના..

અહી વાત થઈ રહી છે જામનગર શહેરમાં જૂના નાગના ગેઈટ પાસે રહેતા ભાનુબહેન હરીશભાઈ પારઘીની..તેઓ જાણાવે છે કે'હુ અનુસૂચિત જાતિમાંથી આવું છું અને મારા પતિ હરીશભાઈ છૂટક મજૂરી કરીને ઘરના બે છેડા માંડ માંડ ભેગા કરે છે. અહી આવ્યા પહેલા અમારો પરિવાર મારા સસરાના એક રૂમના મકાનમાં રહેતો જેમાં અમને અનેક હાડમારીઓનો સામનો કરવો પડતો. જોકે જામનગરના જૂના





નાગના ગેઈટ પાસે અમારી માલિકીનો એક ખુલ્લો પ્લોટ હતો જેના પર અમારે પોતાનું મકાન બનાવવું હતું પરંતુ અમારી આર્થિક સ્થિતિ એટલી સારી નહોતી કે અમે પોતાનું મકાન બનાવી શકીએ. એવામાં અમને જામનગરની નાયબ નિયામક અનુસૂચિતા જાતિ કલ્યાણ કચેરી દ્વારા ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય મળતી હોવા અંગે જાણ થઈ. અમે જ્યારે આ કચેરીનો સંપર્ક કર્યો ત્યારે સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા અમને આ યોજના હેઠળ મળતા લાભો વિશે સંપૂર્ણ જાણકારી આપવામાં આવી. જેના આધારે અમે ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર સહાય મેળવવા ઓનલાઈન અરજી કરી. આ અરજી મંજૂર થતા મકાનના બાંધકામ માટે રૂપિયા ૧,૨૦,૦૦૦ની સહાય સીધી અમારા બેંક ખાતામાં જમા થઈ. આ સહાયથી અમે પાક્કુ મકાન અને શૌચાલય બનાવ્યું. જ્યારે અમે અમારા પાક્કા નવા મકાનમાં રહેવા ગયા ત્યારે સમાજમાં પણ અમારુ માન અને મોભો વધ્યો. અગાઉ મકાન વગર શિયાળો, ઉનાળો અને ચોમાસામાં જે તકલીફોનો સામને કરવો પડતો હતો તે તકલીફો હવે કાયમ માટે દૂર થઈ ગઈ છે. જેથી હું અને મારો સમગ્ર પરિવાર ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા જામનગરની નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.'ઉલ્લેખનીય છે કે જે વ્યક્તિઓ પાસે ખુલ્લો પ્લોટ હોય, કાચુ મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તેવા જરૂરિયાતમંદોને ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય મળે છે. જેમાં નિયમાનુસાર મકાન બાંધવા ઈચ્છતા હોય તેઓને રૂપિયા ૧,૨૦,૦૦૦ની સહાય ત્રણ હપ્તામાં ચૂકવામાં આવે છે. તે પૈકી પ્રથમ હપ્તો રૂ.૪૦,૦૦૦ (વહીવટી મંજૂરીના હુકમ સાથે), બીજો હપ્તો રૂ.૬૦,૦૦૦ (લીન્ટલ લેવલે પહોંચ્યા બાદ) અને ત્રીજો હપ્તો રૂ.૨૦,૦૦૦ (શૌચાલય સહિતનું બાંધકામ પૂર્ણ થયેથી) આપવામાં આવે છે. ખરેખરમાં ડો. આંબેડકર આવાસ યોજનાએ નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અને ગરીબી રેખા નીચે જીવતા અનુસૂચિત જાતિના અનેક લોકોના ઘરના ઘરનું સ્વપન પૂર્ણ કર્યું છે.

# મોદી સરકારનું બજેટ યુવાઓ, મહિલાઓ અને ખેડૂતોને પ્રોત્સાહન આપનારું : રાજીવપ્રતાપ રૂડી

## બજેટમાં ૫ વર્ષનો રોડમેપ તૈયાર કરાયો છે : અન્ય રાજ્યોની જેમ બિહારનો પણ વિકાસ થાય તે માટે વધુ બજેટ ફાળવવામાં આવ્યું: દરેક ક્ષેત્રમાં મહિલાઓનો હિસ્સો વધ્યો છે : રાજકોટના હિરાસર એરપોર્ટથી ક્યારે આંતરરાષ્ટ્રીય સેવા શરૂ થશે તેનો જવાબ આપવાનું ટાળતા પૂર્વ કેન્દ્રીયમંત્રી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

કેનીય નાણાંમંત્રી નિર્મલા સિતારામન દ્વારા મોદી સરકાર ત્રણનું પ્રથમ બજેટ તાજેતરમાં રજૂ કરાયું હતું. જેના અનુસંધાને આજે રાજકોટમાં પૂર્વ કેનીયમંત્રી રાજીવપ્રતાપ રૂડીએ પત્રકાર પરિષદ સંબોધી હતી. આજે રાજકોટ આવેલા બિહારના સાંસદ રૂડીએ જણાવ્યું હતું કે, મોદી સરકારનું રજૂ થયેલું બજેટ દેશની ૧૪૦ કરોડ જનતાની સ્પર્શે તે રીતે બનાવવામાં આવ્યું છે ખાસ કરીને આગામી ૫ વર્ષ માટેનો રોડમેપ આ બજેટમાં ત્યાર કરાયો છે. વધુમાં બજેટમાં મહિલાઓ યુવાઓ અને કિસાનો પર ફોક્સ કરાયું છે.

રાજીવપ્રતાપ રૂડીએ જણાવ્યું હતું કે, દેશના તમામ રાજ્યોમાં વિકાસ થઈ રહ્યો છે. તે માટે રાજ્યની ભૂમિકા મહત્વની છે. તેઓએ વધુમાં જણાવ્યું કે ભારતમાં ફુગાવો ૩.૧ ટકાથી નીચે ગયો છે. અને મોંઘવારી પણ ૪.૧ ટકાથી ઓછી છે. જે સારી વાત છે. ભારતીય બજેટને વિદેશી નીતી પણ અસર કરે છે. તેવું જણાવતા તેઓએ કહયું કે હાલમાં યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુધ્ધને કારણે ભારતને પણ ભોગવવું પડયું છે. મોદી સરકાર ક્યારેય જાતિ પર ભાર મુક્તી નથી. તેથી જ યુવાન અને મહિલા સહિતના ચાર વિભાગ ક્ર્યા છે. દેશનો ખેડૂત સમૃધ્ધ બને તે માટે તેને મળતી ઉપજની કિંમત કરતા ૫૦ ટકા વધુ રકમ આપવાની યોજના આ બજેટમાં નક્કી કરાઈ છે. વધુમાં દેશના સવાચાર કરોડ યુવાનો લાભ થાય તેવી યોજના પણ કેન્દ્ર સરકારે અમલમાં મૂકી છે. જે માટે બે લાખ કરોડ બજેટ ફાળવવામાં આવ્યું છે. દરેક સેત્રમાં મહિલાની ભાગીદારી વધી રહી છે. તેને ધ્યાનમાં લઈ મોદી સરકાર મહિલાઓને પ્રાધાન્ય આપી તેમને ટેકો પૂરો પાડે છે. દરેક યોજના આવનારા ચાર વર્ષમાં સાકાર થશે.બજેટમાં દેશની ૫૦૦ લીસ્ટેડ કંપનીઓમાં યુવાઓને ઈન્ટનશીપ મળે તે માટે કંપનીઓ માટે ટ્રેનીંગ ફરજિયાત બનાવી છે. જે કારણે પાંચ કરોડ યુથને આ લાભ મળશે. આ બજેટમાં બિહારને વિશેષ લાભ અપાયો છે. તે વિશેનો ગોળગોળ જવાબ રૂડીએ આપ્યો હતો. તેઓએ ફક્ત એટલું જણાવ્યું હતું કે બિહાર દેશનું સૌથી ગરીબ રાજ્ય છે. તેથી તેનો પણ ગુજરાત અને મહારાષ્ટ્રની જેમ વિકાસ થાય તે માટે વધુ બજેટ ફાળવાયું છે. આજની પત્રકાર પરિષદમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ભાજપના મહામંત્રીઓ, ધારાસભ્ય ઉદય કાનગડ તેમજ ડો.દર્શિતા શાહ ઉપસ્થિત રહ્યા હતા.

# કાલથી દશામાંનું વ્રત શરૂ: કલાકારો દ્વારા માઁ ની નયનરમ્ય મૂર્તિ બનાવાઈ


(તસ્વીરઃ આનંદ જાવિયા)

આવતીકાલે અષાઢ મહિનાનો અંતિમ દિવસ છે. કાલથી દશામાંના વ્રતનો પ્રારંભ થશે. દશામાંને મોમાઈમાંનું પ્રતિક માનવામાં આવે છે. ભક્તો ારા કાલે ઘરમાં દશામાંનું વ્રત કરી માંની મૂર્તિનું સ્થાપન કરાશે. દશામાંનું વ્રત દશ દિવસ ચાલશે. એવું કહેવાય છે કે, માંનું વ્રત કરવાથી જે કોઈ મનુષ્યની ખરાબ દશા ચાલતી હોય તે સુધરે છે. અને માંની કૃપાથી જીવન સુખ શાંતિ અને સમૃધ્ધિ આવે છે.

# લોકમેળાના સ્ટોલોની થઈ હરરાજી


(તસ્વીરઃ આનંદ જાવિયા)

**રાજકોટ વહીવટી તંત્ર દ્વારા આગામી તા.૨૪ થી ૨૮ સુધી યોજાનાર પરંપરાગત લોકમેળાના સ્ટોલ માટેની હરરાજી થઈ હતી. ખાસ કરીને રમકડાના સ્ટોલ માટે વધુ ઉપાડ થયો હતો. તો બીજી તરફ આઈસ્ક્રિમ અને ચાના કોર્નરના સ્ટોલ માટે કોઈએ વધુ રસ દાખવ્યો ન હતો.**

# કાલે ફ્રેન્ડશિપ ડેઃ જોહર કાર્ડસમાં બેલ્ટ અને કાર્ડનો ખજાનો ઉપલબ્ધ




**કાલે ફ્રેન્ડશિપ ડે છે. મિત્રતાને કોઈ વય હોતી નથી, મિત્રતા ગમે ત્યારે, ગમે તેની સાથે નાત, જાતના ભેદભાવ વગર બંધાઈ જતી હોય છે. ફ્રેન્ડશિપ ડે ને ઉજવવા યુવાધન ઘેલું બન્યું છે, ફ્રેન્ડશિપ ડે ઉજવવા યુવાનો રાજકોટમાં ડો. યાજ્ઞિક રોડ ખાતે આવેલ જોહર કાર્ડસવાળા યુસુફઅલી તથા હસનેનભાઈ તેમજ કાલાવડ રોડ, પ્રેમ મંદિર રોડ, ગાર્ડન સામે આવેલ જોહર ગેલેરી વાળા જોહરભાઈએ ફ્રેન્ડશિપ ડેના કાર્ડસ અને ગીફટ આવી ગયેલ છે તેમજ ફ્રેન્ડશિપ બેલ્ટ ઘણા જ પ્રકારના આવેલ છે. જેમાં આ વખતે કપલ બેલ્ટ ઘણી પ્રકાર બેલ્ટ આવેલા છે જેમાં મેગનેટ વાળા બેલ્ટ, અલગ અલગ લેધરમાં બેલ્ટ, ક્રીસ્ટલના બેલ્ટ, ફ્રેન્ડ લખેલ બેલ્ટ, સાટીનની પટ્ટીમાં ફ્રેન્ડ, ફ્રેન્ડ લખેલ બ્રોકન હાર્ટવાળા બેલ્ટ, લોકેટ, કીચેન, બ્રેસલેટ ટાઈપના ફેન્સી બેલ્ટ, માય ડીયર ફ્રેન્ડ, સુપર ફ્રેન્ડ, ગ્રેટ ફ્રેન્ડ વિ. લખાણવાળા બેલ્ટ, હાથ ની આંગળી મા પેહેરવાની ઘડિયાળ તે સિવાય ઘણી ફ્રેન્ડશિપ બેલ્ટમાં વેરાયટીઓ આવેલ છે, આ સિવાય દોસ્તો માટે ચોકલેટ, ઘડિયાળ, કીચેન, ફોટો ફ્રેમ, વગેરે આપી શકાઈ છે.**

## ગ્રીનલેન્ડ ચોકડી પાસે જૂનાગઢના યુવાનની નજર ચુકવી રિક્ષા ગેંગ રોકડ-મોબાઈલ સેરવી ગઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જુનાગઢનો યુવાન રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પાસે મિત્રને મળવા આવ્યા બાદ પરત એસ.ટી. બસ સ્ટેશન સુધી જવા રીક્ષામાં બેઠા બાદ અગાઉથી જ રીક્ષામાં બેસેલા શખ્સે ધક્કા મુક્કી કરતા ચાલકે આગળ જઈ ઉતારી દીધો હતો. ત્યારબાદ યુવાને ખીસ્સામાં હાથ નાખતા નાણા અને મોબાઈલ રીક્ષાગેંગે સેરવી લીધાનું માલુમ પડતા પોલીસમાં ફરીયાદ નોંધાઈ હતી.બનાવની વિગતો અનુસાર મુળ રાજસ્થાનના અને હાલ જુનાગઢમાં વણજારી ચોક પાસે જયદીપ એપાર્ટમેન્ટના ત્રીજા માળે રહેતા લાલસિંહ હેમસિંહ પઢિયાર ઉ.૨૬)એ ફરીયાદમાં જણાવ્યું હતું કે તેઓ મોબાઈલ સ્પેરપાર્ટનો ધંધો કરે છે. ગઈકાલે બપોરના સમયે તેમના મિત્ર મહેન્દ્રસિંહને મળવા રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડીએ આવ્યો હતો. ત્યારબાદ સાંજે પાંચેક વાગ્યે મળીને પરત ફરવા રીક્ષા માટે ઉભો હતો ત્યારે એક રીક્ષા આવી અને ભાડું પુછી રીક્ષામાં બેસેલ હતા ત્યાંથી થોડે આગળ જતાં રીક્ષામાં અગાઉથી બેઠેલા શખ્સે ધક્કા-મુક્કી કરી હતી અને ૫૦૦ મીટર આગળ યુવાનને ઉતારી રીક્ષા ચાલક જતો રહ્યો હતો. ત્યારબાદ ખીસ્સામાં ચેક કરતા જાણવા મળ્યુ કે રોકડ ૭૩૦ અને એક એપલનો મોબાઈલ મળી ૨૦૭૩૦ની મતા સેરવી લીધાની જાણ થતા બીડીવીઝન પોલીસમાં કરિયાદ નોંધાઈ હતી. પોલીસે રીક્ષાગેંગને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

## રાજકોટના પત્રકાર જિજ્ઞેશ લીંબાણીનો આજે જન્મ દિવસ

રાજકોટના પત્રકાર જિજ્ઞેશ લીંબાણીનો આજે જન્મ દિવસ છે. નાનીવયેથી જ મીડિયાજગતમાં પ્રવેશીને લોકહિતલક્ષી પ્રશ્નોને કંડારીને તંત્ર અને સરકાર સુધી પહોંચાડીને તે



પ્રશ્નોને વાંચા આપવાનું કાર્ય કરવાનું બીડુ હાથમાં લઈને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા અને નાની વયે મોટું મિત્ર વર્તુળ ધરાવતા અને સમાજ સેવામાં હર હંમેશ તત્પર રહેતા એવા જીજ્ઞેશભાઈ મુકેશભાઈ લીંબાણીના જન્મ દિવસ નિમિત્તે તેમના પર શુભેચ્છાની વર્ષા થઈ રહી છે.

# બેટી બચાઓ બેટી-પઢાઓ દિવસ અંતર્ગત ઝનાના હોસ્પિટલમાં 30 નવજાત દીકરીને કિટ વિતરણ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

નારી વંદન ઉત્સવના ભાગરૂપે બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત આજરોજ રાજકોટમાં મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ઝનાના હોસ્પિટલના ગાયનેક વોર્ડમાં નવજાત ૩૦ દીકરીઓને દીકરી વધામણાં કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી સુશ્રી સીમાબેન શીંગાળા તેમજ ફીલ્ડ ઓફીસરશ્રી સંજયભાઈ ગજેરા હસ્તે દીકરીઓને દીકરી વધામણા કિટ આપવામાં આવી હતી. આ તકે નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ સુશ્રી હિમાલીબેન વ્યાસ, આ.નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ સુશ્રી લીનાબેન, હેડ નર્સ સુશ્રી અમ્બિકાબેન, સુશ્રી રૂકસાનાબેન, ઈન્ફેક્શન કન્ટ્રોલ નર્સ સુશ્રી ખ્યાતિબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મંત્રી કુંવરજીભાઈની અધ્યક્ષતામાં જસદણમાં વિવિધ પ્રશ્નોના નિકાલ અંગે બેઠક યોજાઈ

## બાકી પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા અને લોકોને કેન્દ્ર તથા રાજ્ય સરકારની યોજનાઓના લાભો પહોંચાડવા સૂચના




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં જસદણ તાલુકા સેવા સદન ખાતે વિવિધ પ્રશ્નોના નિકાલ અંગે બેઠક યોજવામાં આવી હતી. જેમાં મંત્રીશ્રીએ વિવિધ વિભાગના પ્રશ્નોની સમીક્ષા કરી હતી. અને બાકી પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા સૂચના આપી હતી. એટલું જ નહીં, જનસુખાકારી માટે કેન્દ્ર તેમજ રાજ્યની અનેકવિધ યોજનાઓ અમલી છે ત્યારે લોકોને આ સરકારી યોજનાઓના લાભો પહોંચાડવા પણ તેમણે સંબંધિતોને સૂચના આપી હતી.

મંત્રી કુંવરજીભાઈ બાવળીયા પહેલી ઓગસ્ટે જસદણમાં વિવિધ કાર્યક્રમો બાદ તાલુકા સેવાસદન પહોંચ્યા હતા. અહીં તેમણે વિવિધ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજીને તેમના વિભાગોના પડતર પ્રશ્નોની સ્થિતિ જાણી હતી. જેમાં જસદણ શહેરના પી.જી.વી.સી.એલ, પાણી, ગામતળ, આવાસના સ્થાનિક પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. પ્રશ્નોના નિકાલમાં જે કંઈ અવરોધ આવે તેનો વિવિધ વિભાગોને સંકલનમાં રહીને નિકાલ કરવા મંત્રીશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું. મહત્ત્વનું છે કે, ખેડૂતો તેમજ ગરીબ લાભાર્થીઓ માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓ ચાલી રહી છે. આથી આ યોજનાનો લાભ વધુમાં વધુ લોકોને મળે તેના પર મંત્રીશ્રીએ ભાર મુક્યો હતો. આ બેઠકમાં જસદણ પ્રાંત અધિકારી સુશ્રી ગીષ્મા રાઠવા, જસદણ તાલુકા મામલતદાર એમ.ડી. દવે, જસદણ તાલુકા વિકાસ અધિકારી કે. આર. ચુડાસમા, વિંછિયા મામલતદાર આર.કે.પંચાલ, વિંછિયા તાલુકા વિકાસ અધિકારી પાર્થરાજસિંહ પરમાર, અગ્રણી શ્રી ભાવેશભાઈ વેકરીયા, પીજીવીસીએલ તેમજ અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વીંછિયા શહેરમાં સફાઈ ઝુંબેશના અનુસંધાને વિવિધ વોર્ડની મુલાકાત લેતાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયા

## મંત્રીએ સ્વચ્છતા અંગે માર્ગદર્શન પૂરું પાડીને આવશ્યક સૂચનો આપ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના વીંછિયા શહેરમાં આયોજિત સફાઈ ઝુંબેશના અનુસંધાને ગુજરાત રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા એ વિવિધ વોર્ડની મુલાકાત લઈને આવશ્યક સૂચનો આપ્યા હતા.

વીંછિયાના શહેરી વિસ્તારમાં હાલ ચોમાસાની ઋતુને કારણે ચાંદીપુરા વાયરસ કે અન્ય કોઈપણ પ્રકારનો રોગચાળો ન ફેલાય, તે માટે વોર્ડવાઈઝ ખાસ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અન્વયે આંબલી ચોકથી પાણી દરવાજા, રાજગઢ ચોકથી પાણી દરવાજા, માત્રા દરવાજાથી રાજગઢ ચોક, ઉગમણી બારીથી પ્રાથમિક શાળા અને આથમણી બારીથી અંબાજી મંદિર સુધી સાફસફાઈ કરીને જે - તે સ્થળને સ્વચ્છ અને ચોખાચણાક બનાવવામાં આવ્યા હતા. આ તકે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા એ સફાઈ કામદારો અને અધિકારીઓને સ્વચ્છતા અંગે માર્ગદર્શન પૂરું પાડીને સલાહ-સૂચનો આપ્યા હતા.

આ તકે વીંછિયા મામલતદારશ્રી આર. કે. પંચાલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી પાર્થરાજસિંહ પરમાર, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડોક્ટર રાજા ખાંભલા, તલાટી કમ મંત્રીશ્રી અમૃતભાઈ બારૈયા, નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી વાય. જી. ઝિંઝાળા, સરપંચશ્રી ચતુરભાઈ રાજપરા, અશ્વિનભાઈ સાંકળીયા, વલ્લભભાઈ ઝાપડિયા સહિતના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નારી વંદન ઉત્સવ

# રાજકોટમાં એમ.સી.એચ. હોસ્પિટલ ખાતે પી.સી.-પી.એન.ડી.ટી. એક્ટ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

નારી વંદન ઉત્સવના ભાગરૂપે બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત આજરોજ રાજકોટની ઝનાના હોસ્પિટલના એમ.સી.એચ. બિલ્ડિંગ તાલીમ હોલ ખાતે અંતર્ગત પી.સી.-પી.એન.ડી.ટી. એક્ટ અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સુપ્રિટેન્ડન્ટ સિવિલ હોસ્પિટલ અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના સંયુકત ઉપક્રમે આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહિલા અને બાળ અધિકારી ડો.જનકસિંહ ગોહિલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે. સિંઘ, આર.એમ.પી. શ્રી ચાવડા, મ્યુનિસિપલ હેલ્થ ઓફીસર ડો. જયેશ વાકાણી, દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી સુશ્રી સીમાબેન શિંગાળા ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ડી.એચ.ઈ.ડબલ્યૂ.નો સ્ટાફ, સખી વન સ્ટોપ સેન્ટરનો સ્ટાફ, નારી સંરક્ષણ ગૃહનો સ્ટાફ હાજર રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.

મહિલા અને બાળ અધિકારી ડો. જનકસિંહ ગોહિલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ત્યારબાદ મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર અને મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન આપવામાં આવ્યું હતું.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા પી.સી. - પી.એન.ડી.ટી. એક્ટ વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ ગાંધીનગર હેલ્થ ઓફિસમાંથી આવેલા વિશાલભાઈ દ્વારા આભાકાર્ડ વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઝનના હોસ્પિટલના ૨૬૦ જેટલા નર્સ સ્ટાફ હાજર રહ્યા હતા. આ તકે સ્ટાફ નર્સને કીટ વિતરણ કરાયું હતું. કાર્યક્રમની આખરમાં દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી સુશ્રી સીમાબેન શિંગાળાએ આભારવિધિ કરી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શહેર પોલીસની દારૂના હાટડા પર મેગા ડ્રાઈવ: ૭૯ કેસ કર્યા

## રૂખડીયા પરા, ફૂબલિયા પરા, રામનાથપરા, જયૂબેલી, માલવિયા, વાવડી અને નવાગામમાં દરોડા પાડી મોટી માત્રામાં દેશી દારૂ અને આથો જપ્ત કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગઇકાલ વહેલી પોલીસ દ્વારા રૂખડીયા પરા, ફૂબલિયા પરા, થપરા, જયૂબેલી, માલવિયા, વાવડી અને બેરોકટોક ચાલતા દેશી દારૂના હાટડાઓ પર પાડી કુલ.૭૯ કેસો કર્યા છે. પાલીસ કમિશનર બ્રજેશ ઝાએ ઓચીંતા દારૂની ડ્રાઈવ યોજવા સુચના આપતાં સવારે પાંચ વાગ્યાથી તમામ પોલીસ પીઆઈ, બ્રાંચના અધિકારીઓ અને સ્ટાફ વિસ્તારોમાં ચાલતા દેશીના હાટડાઓ પર પાડવાનું ચાલુ કર્યું હતું. વહેલી સવારે ઓચીંતી રેલમછેલમ પોલીસ ત્રાટકતાં દારૂના ધંધાર્થીઓમાં દોડધામ થયા મચી હતી. જેમાં એ ડિવિઝન, બી-ડિવીઝન, કાર્યવાહી ભક્તિનગર, માલવીયાનગર, આજીડેમ પોલીસ, સવારે કુવાડવા રોડ, એરપોર્ટ થોરાળા, ગાંધીગ્રામ, રામના યુનિવર્સિટી, તાલુકા પોલીસ તેમજ ડીસીબી, ટીમો નવાગામમાં ? આ ડ્રાઇવમાં સામેલ થઈ હતી.જેમાં એ-ડિવીઝન દરોડા પોલીસની ટીમે ૧૦ દરોડા, બી-ડિવીઝન પોલીસે ૦૫, ભક્તિનગર-૦૫, -૦૫, તાલુકા-૦૬, કુવાડવા કુવાડવા રોડ જ પોલીસે ૧૦, ગાંધીગ્રામ-૧૦, એરપોર્ટ પોલીસના વહેલી ૦૫, માલવીયાનગરના-૦૪, આજીડેમના-૦૯ સ્ટેશનના તેમજ થોરાળા, યુનિવર્સિટી પોલીસના મળી ૭૯ દ્વારા જેટલા દરોડા પાડી ૫૧૭ લિટર દેશી દારૂ તથા દોરડા / ૨૩૪૩ લિટર આથો કબ્જે કર્યો છે.

# શહેર અને ગ્રામ્યમાં પીએસઆઈને પીઆઈનું પ્રમોશન મળતા સ્ટારપીન સેરેમની કાર્યક્રમ યોજાયો

## ગૃહ વિભાગ દ્વારા રાજ્યમાં ૨૩૩ પીએસઆઈને પીઆઈનું પ્રમોશન અપાયું, રાજકોટના સાત અને ગ્રામ્યમાં દસ પીઆઈને અધિકારીઓએ શુભેચ્છા પાઠવી

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા ગઈકાલે રાજ્ય પોલીસદળમાં ફરજ બજાવતા બીનહથિયારી પીએસઆઈને વર્ગ-૨ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપવામાં આવી હોય જેના પગલે રાજકોટમાં પીએસઆઈમાંથી પીઆઈનું પ્રમોશન મેળવનાર પી.એચ.નાઈ, પી.એલ.ધામા, ડી.સી.સાકરીયા, બી.વી.ઝાલા, એ.જે.પરમાર, એ.એ.ખોખર, એફ.બી.ગંગાનીયાને પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરીયા, નાયબ પોલીસ અધિક્ષક ડો.પાર્થરાજસિંહ ગોહિલ સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્ટારપીન સેરેમની કાર્યક્રમ યોજી પ્રમોશન મેળવનાર અધિકારીઓને શુભેચ્છા



પાઠવવામાં આવી હતી.

જ્યારે રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં અલગ-અલગ ગામોમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા દસ પીએસઆઈને પીઆઈનું પ્રમોશન મળતા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ દ્વારા પ્રમોશન મેળવનાર એમ.એચ.ઝાલા, કે.એ.ગોહિલ (મેટોડા જીઆઈડીસી પો.સ્ટે.), આર.કે.ગોહિલ (શાપર-વેરાવળ પો.સ્ટે), વી.પી.કનારા (એસીએસટી સેલ), એસ.જે.રાણા (એલઆઈબી શાખા), એસ.એમ.રાડદિયા (જેતપુર ના.પો.અધિ.કચેરી), ડી.જી.બડવા (એલસીબી શાખા), જે.એમ.ઝાલા (ગોંડલ તાલુકા પો.સ્ટે.), આર.એચ.જરીયા (જેતપુર સીટી પો.સ્ટે), વી.કે.કોઠીયા (ગોંડલ સીટી એ-ડિવિઝન પો.સ્ટે.), સહિત દસ અધિકારીઓને સ્ટાપીન સેરેમની કાર્યક્રમ યોજી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# આટકોટની કન્યા છાત્રાલયમાં વિદ્યાર્થી પર દુષ્કર્મના ગુનામાં ભાજપનો કાર્યકર ઝડપાયો

## કન્યા છાત્રાલયની વિદ્યાર્થીની ઉપર દુષ્કર્મ આચરનાર પાંચવડા ગામના પૂર્વ સરપંચ અને ટ્રસ્ટીએ હવસનો શિકાર બનાવ્યાની ફરિયાદ નોંધાઈ તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-ભાવનગર ધોરી માર્ગ પર આવેલા આટકોટ ખાતે આવેલી માતૃશ્રી ડી.બી. પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કન્યા છાત્રાલયમાં પાંચ વર્ષ સુધી રહી બી.એસ.સી. સુધીનો અભ્યાસ કરનાર યુવિત ઉપર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ દુષ્કર્મ આચર્યાની પાંચવડા ગામના પૂર્વ સરપંચ મધુભાઈ ટાઢાણી અને વીરનગર ગામે રહેતા અને જિલ્લા પંચાયતના સભ્યના પતિ પરેશ રાદડીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. વિદ્યાર્થીનીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું. કે છાત્રાલયના ટ્રસ્ટી અરજણભાઈ રામાણીને રજૂઆત કરતા તેમને કહ્યુ કે બંને મારા મિત્ર છે અને આમાં પોલીસ ફરિયાદ કરવાથી કશુ થશે નહીં માટે તો ચૂપ રહેજે. પરેશભાઈ રાદડિયાએ વિદ્યાર્થીની પર પહેલેથી ખરાબ નજર અને મેલી મુરાદ હતી.

એટલા માટે પરેશ રાદડીયાએ વિદ્યાર્થીનીને કન્યા છાત્રાલયમાં રેકટર બનાવેલ રેકટર સ્ટાફની ઓફિસ અલગ હોય તેમ માટે રિપોર્ટ મંગાવવાના બહાને બોલાવીને નરાધમો બળજબરી કરતા જેમાં મધુભાઈ ટાઢાણીએ છાત્રાલયમાં કલરનો કોન્ટ્રાક્ટ રાખેલો કલરના બહાને



વારંવાર રૂમમાં તપાસ કરવા આવે અને બળજબરી કરતા મધુ ટાઢાણી અને પરેશ રાદડીયા બંને વારાફરતી બળજબરી પૂર્વક બળાત્કાર ગુજારતા આટકોટની કેડીપી હોસ્પિટલમાં મધુ ટાઢાણીએ બળાત્કાર ગુજારેલો એવું પણ ફરિયાદમાં લખાવેલ છે વિદ્યાર્થીની પરેશ રાદડિયા અને મધુ ટાઢાણીના ત્રાસથી સુરત રહેવા માટે જતી રહી હતી પણ મધુ ટાઢાણી ત્યાં પાછળ ગયેલ અને મારકુટ કરી બળજબરી પૂર્વક ગાડીમાં બેસાડી અને બળાત્કાર ગુજારેલ અર્જુનભાઈ રામાણી તેમને મદદ કરતા હોય. પરીવારના સભ્યોએ વિદ્યાર્થીની સગાઈની તૈયારી કરી તો નરાધમ મધુ ટાઢાણીએ વિદ્યાર્થીનીને ધમકી આપી કે તારે મારી સાથે રહેવાનું છે. વિદ્યાર્થીની કહ્યુ કે તમે પરણીત છો મારી જીંદગી શા માટે બગાડો છો. તેમ અંતમાં ફરિયાદમાં જણાવ્યું હતું. ફરિયાદના આધારે આટકોટ કન્યા છાત્રાલયમાં દુષ્કર્મ આચરનાર મધુ ટાઢાણીની રાજકોટ રૂરલ એલસીબીની ટીમ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

# જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં લેન્ડ ગ્રેબિંગની બેઠક આગામી સપ્તાહમાં યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં લેન્ડગ્રેબિગ કમિટી દ્વારા પડતર કેસોનો નિકાલ કરી દેવામાં આવ્યો છે ત્યારે આગામી સપ્તાહે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં લેન્ડગ્રેબિગ કમિટીની બેઠક યોજવામાં આવનાર હોવાનું અને ૪૦થી ૫૦ જેટલા કેસ અંગે નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.ગુજરાત સરકારના જમીન પચાવી પાડવા ઉપર પ્રતિબંધ લાદતા નવા કાયદા અંગે મિલ્કતોના વિવાદમાં લેન્ડગ્રેબિગ એક્ટ મુજબ કાર્યવાહી કરવા માટે લેન્ડગ્રેબિગ કમિટી દ્વારા આવા કેસની ચકાસણી કરી ગુણદોષના આધારે નિર્ણય કરવામાં આવતા હોય છે જે અંતર્ગત આગામી સપ્તાહે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને લેન્ડ ગ્રેબિગ કમિટીની બેઠક મળશે જેમાં અંદાજે ૪૦ થી ૫૦ જેટલા કેસ અંગે નિર્ણય લેવામાં આવનાર હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

# અધુરા મહિના જન્મેલા બાળકને મોતના મુખમાંથી ઉગારતી પીડીવીની ટીમ

## ઝનાના હોસ્પિટલના તબિબોએ ૭૪૦ ગ્રામના બાળકને ૭૯ દિવસ સારવાર કરી નવજીવન આપ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની પીડીયુ સિવિલ હોસ્પિટલની ઝનાના હોસ્પિટલમાં આવેલા મેટરનલ એન્ડ ચાઇલ્ડ વિભાગની સારવારને કારણે વધુ એક નવજાત બાળકને નવુ જીવન મળ્યું છે. ખુબ ઓછા વજન સાથે જન્મેલા બાળકની હાલત જન્મથી જ ખુબ ખરાબ હતી. જેને મોતના મુખમાંથી તબીબોની ટીમે બહાર કાઢી તેનું વજન ૭૯ દિવસમાં ૭૪૦ ગ્રામથી ૧.૭૦ કિલો કર્યો હતો.અને સંપુર્ણ સ્વસ્થ બાળક માતા- પિતાને સોંપાતા તેમણે ટીમનો આભાર માન્યો હતો.



જાણવા મળ્યા મુજબ રાજકોટના રવીનાબેન ગોકુલભાઈ લુહાર-નેપાળીને ગત તા. ૧૧/૫/૨૪ના રોજ પ્રસુતીની પીડા ઉપડતાં સિવિલ હોસ્પિટલના ઝનાના વિભાગમાં દાખલ કરાઇ હતી. અહિ છઠ્ઠા મહિને તેણે બાળકને જન્મ આપ્યો હતો. જો કે આ બાળકનું વજન માત્ર ૭૪૦ ગ્રામ જ હતું.

અત્યંત ઓછા વજનવાળા બાળકને જન્મથી ગંભીર ગૂંગળામણ થતી હોવાથી તુરત વેન્ટિલેટર અને અન્ય સહાયક ઉપચાર પર મૂકવામાં આવ્યું હતું. બાળકને એક અઠવાડિયું? વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું હતું. એકવાર બાળક સ્થિર ( થઈ ગયા પછી, ધીમે ધીમે માતાનું એક્સપ્રેસ્ડ બ્રેસ્ટમિલ્ક ( વધારવામાં આવ્યું.

માતાના સ્તનપાન અને માતા-પિતા બંને દ્વારા અપાતી) કાંગારૂ મધર કેરએ બાળકનું વજન વધારવા માટે મોટો ટેકો આપ્યો.કાંગારુ મધર કેર ઓછા વજનવાળા બાળકો માટે વરદાનરૂપ સાબિત થયું છે. કિલો પહોંચાડી તેં મોતના મુખમાંથી બહાર કાઢ્યું હતું. જ્યારે સારવારમાં નોંધપાત્ર ફાળો તબિબી અધિક્ષક ડો. મોનાલી માકડીયાની રાહબરીમાં ડો.મનાલી વીરપરીયા, ડો. માનસી શાહ, ડો. રૂપલ, ડો. રીયા, ડો. કુલદીપ, ડો. અશરી તથા આમ ૭૯ દિવસ બાળકને સારવાર આપી તેનું વજન ૧.૭ નર્સિંગ સ્ટાફે ભજવ્યો હતો.

# સુરેન્દ્રનગરમાં ૫૦૦ કિલો ગાંજા સાથે બે શખ્સોની ધરપકડ

## પોલીસે બાતમીના આધારે લક્ષ્મીપરા વિસ્તારમાં દરોડો પાડી રૂા.૫૪૨૦નો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અશોકકુમાર યાદવ પોલીસ મહાનિરીક્ષક રાજકોટ વિભાગ સુચના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.ગીરીશ પંડયા સુરેન્દ્રનગર જીલ્લામાં એન.ડી.પી.એસ.ના ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુનાહીત પ્રવૃતિ નેસ્તનાબુદ કરવ માટેની સુચના અને માર્ગદર્શન આપેલ હોય.



જે અનુસંધાને એચ.જે.ભટ્ટ પો.ઈન્સ.ઓને બાતમી મળેલ કે લક્ષ્મીપરા શેરી નં.૩, સુરેન્દ્રનગર ખાતે રહેતા રફીકભાઈ ઈબ્રાહીમભાઈ મકવાણા તથા તેના પિતા ઇબ્રાહીમભાઇ રસુલભાઈ મકવાણા નાઓ બોટાદથી ત્યાંજાનો જથ્થો મંગાવી પોતાના રહેણાંક મકાનમાં પોતાના કબજામાં સુકા ગાંજાનો જથ્થો રાખેલ છે જે બાતમીની ખરાઇ કરાવતા બાતમી સાચી હોવાનું જણાઇ આવેલ.


જે બાતમી આધારે રેઇડ કરી આરોપી રફીકભાઈ ઈબ્રાહીમભાઈ રસુલભાઈ મકવાણા ઉ.વ.૪૦ ધંધો રીક્ષા ડ્રાઈવીંગ, ઇબ્રાહીમભાઈ રસુલભાઈ મકવાણા ઉ.વ.૬૨ ધંધો મજુરી રહે. બંને સુરેન્દ્રનગર લક્ષ્મીપરા શેરી નં. ૩ સજાવટ ફર્નિચરની બાજુની ગલી જી. સુરેન્દ્રનગર મુળ રાધનપુર ગુંદાવસ ઘાંચી મસ્જીદથી સામે જી. પાટણવાળા પાસેથી ગેરકાયદેસર સુકા ગાંજાનો જથ્થો વજન ૫૪૨ ગ્રામ કિ. ૫,૪૨૦ તથા આઇટેલ કંપનીનો મોબાઇલ ફોન કિં. ૫૦૦ મળી કુલ કિ. રૂ. ૫૯૨૦ સાથે પકડી પાડી બંને આરોપી વિરૂધ્ધ સુરેન્દ્રનગર સીટી એ ડીવી પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવવામાં અવોલ છે.

# શહેરમાં ઓનલાઈન ઠગાઈનો ભોગ બનેલા લોકોને નાણા-મોબાઈલ પરત અપાવતી સાયબર ક્રાઈમ પોલીસ

## દોઢ વર્ષમાં થયેલી ૧૪૮૪૫ અરજીનાં આધારે ૭.૨૩ કરોડની રોકડ અને ૧.૩૯ કરોડના મોબાઈલ પરત અપાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત ગુજરાતભરમાં દરરોજ અનેક લોકો સાયબર માફીયાઓનો ભોગ બની ઓનલાઈન લાખો કરોડો રૂપિયા ગુમાવે છે ત્યારે રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ ટીમે છેલ્લા દોઢ વર્ષમાં રાજકોટ વાસીઓએ ઓનલાઈન છેતરપીંડીમાં ગુમાવેલ રૂા.૭.૨૩ કરોડની રકમ તેમજ ચૌરી તથા ખોવાયેલા રૂા.૧.૩૯ કરોડના મોબાઈલ પરત અપાવ્યા છે. પોલીસની 'તેરા તુજ કે અર્પણ'ની આ કામગીરીથી રાજકોટવાસીઓ પોલીસની કામગીરીની પ્રશંસા કરી રહ્યાં છે. ઓનલાઈન વધી રહેલી છેતરપીંડીમાં રાજકોટ શહેરની જનતાએ કરોડો રૂપિયા ગુમાવ્યા હોય



જેની અલગ અલગ ફરિયાદો સાયબર કાઈમ તેમજ પોલીસ સ્ટેશનમાં થઈ હતી. રાજકોટમાં ઓનલાઈન છેતરપીંડીના આંકડાઓ અંગેની માહિતી ડીસીપી કાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલે પત્રકારોને આપી હતી. જેમાં જણાવ્યા મુજબ રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૩માં ઓનલાઈન છેતરપીંડીની ૭૭૮૩ અરજીઓ થઈ હતી. તેમજ જૂન ૨૦૨૪ સુધી ૭૦૬૨ અરજીઓ પોલીસને મળી હતી. આકુલ ૧૪૮૪૫ અરજીઓમાં સાયબર ક્રાઈમ પોલીસે તાત્કાલીક કાર્યવાહી કરી ઓનલાઈન ગુમાવેલી રકમ પરત અપાવી હતી. જેમાં વર્ષ ૨૦૨૩માં ૭૭૮૩ અરજદારોની રૂા.૩,૪૪,૨૨,૫૧૦ અને ૩૦ જૂન ૨૦૨૪ સુધી ૭૦૬૨ અરજદારોની રૂા.૩,૭૯,૪૭,૧૦૫ જેટલી રકમ પરત અપાવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૩માં ખોવાયેલા અને ચોરાયેલા કુલ રૂા.૭૨,૧૨,૩૨૫ની કિંમતના ૫૬૨ મોબાઈલ તેમજ ૩૦ જૂન ૨૦૨૪ સુધીના રૂા.૬૭,૫૯,૫૭૨ની કિંમતના ૪૦૩ મોબાઈલ પોલીસે પરત અપાવ્યા હતાં. ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલે વધુમાં જણાવ્યું કે, નવી પોલીસી મુજબ હવે અસરકારક રીતે ગુના નિવારણ અને નિર્દેશ પક્ષો પર નાણાકીય બોજ ઘટાડવા મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે જેમાં છેરતપીંડીની રકમ જે બેંક એકાઉન્ટમાં થતી હતી તે બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવાના બદલે હવે માત્ર જેટલી રકમ છેતરપીંડીથી જમા થઈ હશે તે ચોક્કસ રકમ જ ફ્રીઝ કરવામાં આવશે આ નિર્ણયથી જેનું આખુ બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવે છે તેમની પડતી મુશ્કેલી ઓછી થશે. ઓનલાઈન વધતી જતી છેતરપીંડીમાં મોટાભાગે ફેક આઈડેન્ટીટી ફ્રોડ, ઈન્વેસ્ટમેન્ટ, ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ, ઓનલાઈન શોપીંગ, લોન એપ્લીકેશન ફ્રોડ, લીંક દ્વારા ફ્રોડ, જોબ ફ્રોડ, સોશ્યલ મીડિયા અને ફેક ફેસબુક આઈડી ફ્રોડ, ન્યુડ વિડિયો કોલ ફ્રોડ, બ્લેક મેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ફ્રોડ, ગીફ્ટ અને લોટરી તેમજ કેવાયસી અને કેસ બેકના નામે સાયબર માફીયાઓ લોકો સાથે છેતરપીંડી કરતાં રહે છે જેમાં પોલીસ પણ આવા સાયબર માફીયાઓને નેસ્તનાબૂદ કરવા સજ્જ થઈ છે.

# યુનિ.રોડ પર રોયલ પાર્કમાં ચોરી કરનાર ત્રીપુટી ઝડપાઈ

## ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમને મળી સફળતા : બાઈક સહિત રૂ.૬૪ હજારનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના રૈયા ધાર વિસ્તાર નજીક આવેલ યુનિવર્સિટી રોડ પર રોયલ પાર્કના રહેણાંક મકાનમાં થયેલી ચોરીના બનાવનો ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે ભેદ ઉકેલી નાખી ત્રણ શખ્સોને શંકજામાં લઈ ચોરાઉ મુદ્દામાલ કબજે કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઈ આર.એચ.ઝાલા, એએસઆઈ જેન્તીભાઈ, હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ, રાહુલભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, યુનિ.રોડ પર રોયલ પાર્કના રહેણાંક મકાનમાં ચોરી કરનાર ત્રણ શખ્સો મુદ્દામાલ વેંચવા નિકળ્યા હોવાની



હકીક્તના આધારે પોલીસે રૈયા ધાર વિસ્તાર પાસેથી એક્સેસ મોપેડ નં.જીજેજ એલસીટ૯માં રાજેશ કિશન કાજીયા (રહે.દેવપરા સિંદુરીયાખાણ) , રોહિત કિશન કાજીયા અને કુબલીયાપરાનો મેતલ દિનેશ ક્તોસણ સહિત ત્રણ શખ્સોને દબોચી લઈ ચોરાઉ મુદ્દામાલ સહિત કુલ રૂ.૬૪ હજારનો મુદ્દામાલ કબજે કરી ચોરીના બનાવનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

# ત્યકતાને લગ્નની લાલચ આપી પરિવાર પાસેથી શખ્સે ૩.૭૧ લાખ તફડાવ્યા

## જેતપુરમાં લગ્નની તારીખે આરોપી અકસ્માતનું બહાનું કાઢી નહીં ફરકતા પોલીસે દબોચી લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરમાં રહેતી ત્યકતાને લગ્નનું વચન આપી મીઠી મીઠી વાતો કરી અને - તેમના પરિવારને વિશ્વાસમાં લઈ ગઠીયાએ રૂા.૩.૭૧ લાખ પડાવી લેતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. આ બનાવમાં જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકે આરોપીને સકંજામાં લઈ તપાસ કરતાં આરોપીએ અનેક લોકોને છેતર્યા હોવાનું સામે આવ્યું હતું. બનાવની વધુ વિગતો = મુજબ, જેતપુરમાં રહેતી મહિલાએ = પોતાની ફરિયાદમાં મુળ સુત્રાપાડાના પંચવડા ગામે રહેતા ભરત ભીષ્માભાઈ - જાદવનું નામ આપતાં તેમની સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીની કલમ



- હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી છે. મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમના જેતપુરમાં રહેતા બનેવીને ત્યાં ભરત અવારનવાર આવતો હોય જેથી તેમની સાથે ઓળખાણ થઈ હતી અને બનેવીએ કહ્યું હતું કે ભરત આવાસ યોજનાના કોન્ટ્રાકટ રાખે છે તેમજ પૈસે ટકે સુખી છે. જેથી તમને અને તમારી દીકરીઓનું ભવિષ્ય સુધરે માટે લગ્ન માટે વિચાર જો જેથી મહિલાના માતા-પિતાએ વિચારીને જણાવવા કહ્યું હતું. ત્યારબાદ ભરત અવારનવાર ઘરે આવતો જતો હતો અને બન્ને વ્યક્તિ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. ૨૦૨૩ના ડિસેમ્બર મહિનામાં ભરતે ઘરે આવી જણાવ્યું હતું કે, પોતે આવાસ યોજનાનું મોટુ કામ મળ્યું હોય જેથી તમને તાત્કાલીક રૂા.૩ લાખ આપવાના છે જેથી મહિલાએ અને તેમના પરિવારે કહ્યું કે તેઓ ગરીબ છે પૈસાની સગવડ થઈ શકે તેમ નથી. તેમ છતાં મહિલાએ વિશ્વાસ રાખી તેમના ઘરેણા ભરતને આપ્યા હતાં અને ઘરેણા બેંકમાં મુકી પૈસા ઉપાડી લેશે તેમ જણાવ્યું હતું. તેમજ પૈસાની વ્યવસ્થા થયા બાદ પરત આપી દેશે તેવું વચન આપ્યું હતું. આમ ભરતે મહિલાના પરિવાર પાસેથી કુલ રૂા.૩.૭૧ લાખ અલગ અલગ સમયે પડાવ્યા હતાં. ત્યારબાદ ભરતે કહ્યું હતું કે તમે લગ્નની તૈયારી કરવા લાગજો થોડા સમયમાં આપણે લગ્ન કરી લઈશું લગ્ન બાદ જેતપુરમાં કણકીયા પ્લોટમાં મકાન લીધેલ છે ત્યાં રહેવા ચાલ્યા જઈશું તેવી મોટી મોટી વાતો ભરતે કરી હતી. બાદમાં તા.૨૪- ૨ના રોજ લગ્નના ફેરા ફરવાના હોય તે દિવસે મહિલા અને તેમના પરિવારને સગા સંબંધીઓને બોલાવ્યા હોય તે દિવસે ભરતે બહાનુ કાઢી કે તેમના ભાણીનું એકસીડન્ટ થયું છે અને પોતે જૂનાગઢ સિવિલમાં છે તેવું બહાનું કાઢી આવ્યો નહોતો અને ત્યારબાદ તેમણે ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું જેથી પોલીસમાં તપાસ કરતાં ભરતે છેતરપીંડી કરી હોવાનું માલુમ પડયું હતું. ભરતે જેતપુરમાં કારખાનેદારના સંબંધ સંજયભાઈ ભેડા પાસેથી પણ ૪૮ હજાર લઈ પાછા આપ્યા નહોતા. આ ગુનામાં જેતપુર પોલીસે ભરતની ધરપકડ કરતાં તેમણે અનેક લોકો પાસેથી નાણાં ખંખેર્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.